**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૭૯ ટકા

# શહેરના માર્ગો પર ટ્રાફિક ડ્રાઈવ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકના નવા નિયમોના પાલન અને જાગૃતિ માટે ગાંધીનગર પોલીસે ખાસ ડ્રાઈવ યોજી હતી. શહેરના દરેક પ્રવેશદ્વાર અને મુખ્ય જગ્યાઓ પર સવારથી જ પોલીસનો કાફલો નજરે પડયો હતો. સીટબેલ્ટ, હેલ્મેટ વિના, પિયુસી, વિમો, વાહનના કાગળો વિના ફરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી. પોલીસની કામગીરીને પગલે વાહનચાલકો સેકટરોના આંતરીક માર્ગો પરથી પસાર થતા હતા. અને સર્કલ તરફ જવાનું ટાળી રહ્યા હતા. પોલીસ તંત્રએ રાજભવન અને મંત્રી નિવાસ એન્ટ્રી પોઈન્ટ પર પણ નાગરિકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે કહ્યું હતું. ગાડીમાં સીટબેલ્ટ ન બાંધતા વાહનચાલકોને સીટ બેલ્ટ બાંધવા કહ્યું હતું તથા હેલ્મેટ વિનાના વાહનચાલકો દંડાયા હતા અને હેલ્મેટ લઈને આવવા ટકોર કરાઈ હતી. ટ્રાફિકના નવા નિયમોના અમલીકરણ પછી પણ ટ્રાફિકના નવા નિયમોને નહીં અનુસરતા વાહનચાલકો અને નાગરિકો સામે પોલીસે લાંલ આંખ કરી દંડની વસુલાત કરી હતી. શહેરના નાગરિકોમાં ટ્રાફિકના નિયમોને લઈ જાગૃતતા આવે તે માટે પોલીસ તંત્ર દ્વારા ગુરુવારના રોજ સવારથી જ શહેરના વિવિધ એન્ટ્રી પોઈન્ટ પર આકસ્મિક ચેકીંગ હાથ ધરાયું હતું. પોલીસે સવારથી જ નગરના મુખ્ય પ્રવેશદ્વાર અને મુખ્ય સર્કલો પર હાજર પોલીસે હેલમેટ, સીટબેલ્ટ ન પહેરનારા, પીયુસી-લાયસન્સ વિના ફરતા વાહનો, બ્લેક ફિલ્મવાળી ગાડીઓ, નંબર પ્લેટ સાથે ચેડા કરનાર વાહન માલિકો પાસેથી દંડની વસુલાત કરી હતી. શહેરના મુખ્ય માર્ગો પર વાહનચેકીંગ અને ટ્રાફીક ડ્રાઈવને પગલે અનેક વાહનચાલકો સેકટરના આંતરિક માર્ગો પરથી વાહનોની અવર-જવર જોવા મળી હતી. જયારે ટ્રાફિકના નવા નિયમોના અમલીકરણને લઈ પોલીસ તંત્ર દ્વારા ડ્રાઈવ રાખવામાં આવતા શટલીયા વાહનચાલકો શહેરના માર્ગો પર નહીવત જોવા મળ્યા હતા.





## ફત્તેપુરામાં ફરી દૂષિત પાણીના ભરાવાથી દુર્ગંધયુકત પરિસ્થિતિ સર્જાઈ

### જુની આઈટીઆઈના પાછળના ભાગે ફેલાયેલી ગંદકી એટલે જાણે રોગચાળાને ખુલ્લો નિમંત્રણ પત્ર સમાન...!!



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૧૫માં સમાવિષ્ટ ફત્તેપુરા ગામમાં છેલ્લા ઘણા મહિનાથી પ્રદૂષિત ગંદા પાણીના ભરાવાની સમસ્યાથી રહીશો ત્રસ્ત છે. જુની આઈટીઆઈ બિલ્ડીંગના બરાબર પાછળના ભાગે ફેલાયેલી આ ગંદકી આ વિસ્તારના રહીશો માટે રોગચાળાનું કારણ બની રહ્યું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

શહેરની મધ્યમાં સેકટર-૧૫માં આઈટીઆઈની પાછળના ભાગે ફત્તેપુરા ગામના મુખ્ય માર્ગ પર છેલ્લા કેટલાક માસથી સતત ગંદા-પ્રદૂષિત પાણીના ભરાવાની સમસ્યા જોવા મળી રહી છે. ચોમાસામાં પણ આ વર્ષે સતત વરસાદ રહેવાને કારણે પણ અહીંથી પાણીનો સંપૂર્ણ નિકાલ કે સુકારો શકય બન્યો નથી પરંતુ આ જગ્યાએ કચરાના ઢગ ખડકવાને લીધે પરિસ્થિતિ વધુ વિષમ બનવા પામી છે. ફત્તેપુરાના ગ્રામજનો માટે વિવિધ સેકટરોમાં જવા આવવાનો આ મુખ્ય માર્ગ હોવાથી સતત ગંદકીમાંથી પસાર થવું પડી રહ્યું છે. વળી, આ પાણીના ભરાવામાં ગટરનું દૂષિત દુર્ગંધયુકત પાણી પણ ભળતું હોવાથી સમગ્ર વિસ્તાર દુર્ગંધયુકત બની જવા પામ્યો છે અને આ રોગજન્ય જીવાણુ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી જતા રહીશો માટે અત્યારે પ્રવર્તમાન મેલેરિયા-ડેન્ગ્યુ-તાવ વગેરે જેવા રોગચાળાને વધુ બળ મળે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સત્વરે આ વિસ્તારમાં તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાય અને જંતુનાશક દવાઓનો છંટકાવ નિયમિત કરાય તથા અહીં ભરાતા દૂષિત પાણીનો સ્રોત શોધી તેને દૂર કરાય તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ પ્રવર્તી રહેલી જોવા મળી રહી છે.

## સે-૨૧માંથી બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીનો કિસ્સો સામે આવે છે ત્યારે સેકટર-૨૧ શોપીંગ સેન્ટર વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરીની ઘટના બની છે.

સે-૨૫ ગુડા આવાસમાં રહેતા યુવક હિમાંશુ લાભશંકરભાઈ વ્યાસ ગત તા. ૫ નવેમ્બરના રોજ તેના પિતા સાથે સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે શાકની ખરીદી કરવા ગયો હતો તે સમયે સરકારી દવાખાના પાસે પોતાની માલિકીનું બાઈક નં. જીજે-૧૮ ડી.ઈ. ૪૯૪૮ બાઈક પાર્ક કરી તેઓ સાંજે ૭ વાગ્યે શાકની ખરીદી કરવા ગયા હતા. એક કલાકના સમયગાળામાં તેઓ પરત ફરતા જોયું તો બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. બાઈકને લઈ યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે બાઈક ચોરી અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈકની શોધખોળ શરુ કરી છે.

## અડાલજ પરિણિતા આપઘાત કેસમાં પતિ-જેઠ સામે દુષ્પ્રેરણની ફરિયાદ

ગાંધીનગર, તા.૭

અડાલજમાં પરિણિતાએ ઘરમાં કેરોસીન છાંટીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ પરિણિતાની આત્મહત્યા માટે પતિ અને જેઠ જવાબદાર હોવાના આક્ષેપ સાથે પિયરપક્ષે ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાયસણ ગામે રહેતા ખોડાજી ગાભાજી ઠાકોરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની બહેન નેહલના લગ્ન અડાલજ સ્થિત કેલાસ સોસાયટી પાછળના ભાગે રહેતા રોહિતજી રાજુજી ઠાકોરની સાથે ૨૦૧૬ એપ્રિલમાં થયા હતા. છેલ્લા ૧ વર્ષથી પરિણિતાને સાસરીયા મહેણા-ટોણા મારતા હતા અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. તે ઉપરાંત પરિણિતાને મારી નાંખવાની પણ ધમકીઓ આપતા હતા. વારંવારના અત્યાચારથી કંટાળી નેહલબેન પિયરમાં આવી ગયા હતા. જો કે ઘર સંસાર બગડે નહી તે માટે પરિવારે તેને સમજાવી સાસરીમાં પરત મોકલી આપી હતી. સાસરીમાં મોકલી આપ્યા બાદ પતિ રોહિત અને જેઠ વિજય ઉર્ફે મોન્ટુ રાજુજી ઠાકોર સરખું રાખતા ન હતા. તેઓ વારંવાર પરિણિતા સાથે મારઝુડ કરતા હતા. દરમિયાન ખોડાજી પર મંગળવારના રોજ ફોન આવ્યો હતો અને નેહલબેને આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું. ખોડાજી તેમજ ઘરના સભ્યો તાત્કાલીક અડાલજ ખાતે પહોંચ્યા ત્યારે ઘરના પાછળના રૂમમાં આખા શરીરે બળેલી હાલતમાં તેમનું શરીર જોવા મળ્યું હતું. જેથી ખોડાજીએ મૃતકના પતિ રોહિત અને જેઠ વિજય સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાનો ગુનો નોંધાવ્યો છે. અડાલજ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



નૂતન વર્ષના પ્રારંભે સૌ કોઈ ઈચ્છતા હોય છે કે શુભ કાર્યોથી નવા વર્ષની શરૂઆત થાય. ગાંધીનગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રાધે રાધે ગૃપના યુવાનોએ નૂતન વર્ષ નિમિત્તે ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ આરાસુરી અંબાજી ખાતે માતાજીના દર્શન બાદ મંદિરના શકિતદ્વાર પાસે ચોખ્ખા ઘીમાંથી બનાવડાવેલ મગસના મહાપ્રસાદનું શ્રધ્ધાળુ ભાવિક ભકતોને વિતરણ કર્યું હતું.


# સે-૧ ૩માં ભકિત વંદના મહોત્સવમાં અન્નકૂટ યોજાયો

### જય અંબે પરિવાર આયોજીત શિવશકિત મહાયાગમાં પૂજય ચૂંદડીવાળા માતાજીએ ઉપસ્થિત રહી ભાવિકોને આશીર્વાદ આપ્યા











જય અંબે પરિવાર આયોજીત ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ અંતર્ગત બુધવારની રાત્રિએ પ્રખ્યાત હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો કાર્યક્રમ યોજાયો હતો. તેમના ૨૨ વર્ષના કાર્યક્રમોના ઈતિહાસમાં ચાલુ વરસાદમાં કાર્યક્રમ યોજવાના અપવાદરૂપ કિસ્સાનું વર્ણન કરતા ઉપસ્થિત શહેરીજનોને તેમણે હસાવ્યા હતા.

ગાંધીનગર, તા.૭

ત્રિદશાબ્દી ભકિત વંદના મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. દિવ્ય જયોતિનું આગમન, આનંદનો ગરબો, જલયાત્રા અને ગુરુવારના રોજ અન્નકૂટ તથા ચૂંદડીવાળા માતાજીની પધરામણી થઈ હતી અને તેમના દર્શનનો મોટી સંખ્યામાં શહેરીજનોએ લાભ લીધો હતો. આ સાથે શિવ શકિત મહાયાગમાં મુખ્ય યજમાન સહિત પ્રતિ કુંડ દીઠ ત્રણ લેખે ૩૦ મળીને કુલ ૩૧ યજમાનોએ શિવશકિત મહાયાગનો ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો.

જય અંબે પરિવાર આયોજીત ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ નિમિત્તે ગુરુવારના રોજ પરિવારની મહિલા પાંખ સહિતની બહેનો દ્વારા ભકિતભાવ પૂર્વક બનાવાયેલ અન્નકૂટ માતાજીને ધરાવવામાં આવ્યો હતો. જેમાં મિષ્ટાન, ફરસાણ, શાકભાજી, જયૂસ, અથાણા સહિત કુલ ૭૧ વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચૂંદડીવાળા માતાજી કે જેઓ ખાધા પીધા વગર વર્ષોથી તદન તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે તેમની પધરામણી કાર્યક્રમ દરમિયાન કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે ભાવિકો, બહેનો, દિકરીઓને હંમેશા સ્વસ્થ રહેવા સાથે સમાજ સુધારણા માટે ધાર્મિક સંસ્થાઓને આગળ આવવા જણાવ્યું હતું. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ પણ તેમની આગવી શૈલીથી અન્નકૂટના મહત્વ સાથે ગાંધીનગરના સંસ્કારને બચાવવાના પ્રયત્નોને વધાવ્યા હતા. આ સાથે તેમણે પૂજય ચૂંદડીવાળા માતાજીને આર્શીવાદ આપવા વિનંતી કરી હતી કે શહેરની કોઈ બહેન-દિકરી હવે નર્મદા કેનાલ ના જાય. કોઈ બહેન-દિકરીના સાસુ-સસરા વૃધ્ધાશ્રમ તરફ ના જાય. ઝડપથી પોલિસ સ્ટેશન નાબુદ થઈ જાય. મહાનગરપાલિકામાં કોઈ ફરિયાદ ન રહે તથા પાટનગર હંમેશા પ્રસન્ન રહે તેવા આર્શીવાદ માતાજી આપે. આ પ્રસંગે ખાસ આનંદના ગરબા માટે પ્રખ્યાત એવા ભાવનાબેન ગોકલાણી ઉપસ્થિત રહ્યા હતા.

શિવશકિત મહાયાગ માટે શકિતચોક ખાતે ૩૬૦ ચોરસ ફૂટના વિશાળ પરીમંડપના ચાર દરવાજાઓ પૈકી પશ્ચિમ દિશામાં સામવેદનું મુખ્ય પ્રવેશ દ્વાર, પૂર્વે ઋગ્વેદ, ઉત્તરે અથર્વવેદ અને દક્ષિણે યર્જુવેદ બનાવી કુલ દસ પીઠનું સ્થાપન કરવામા આવ્યું હતું. આ સાથે પરીકુંડના મધ્યે કુંડ ઉપરાંત ૧૦ સહ પરીકુંડ સાથે પ્રતિકુંડ દીઠ ત્રણ લેખે ત્રીસ મળીને કુલ મુખ્ય યજમાન સાથે ૩૧ યજમાનોએ શિવશકિત મહાયાગનો ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો. આ મહાયાગના મુખ્ય આચાર્ય પદે કલ્પેશભાઈ શાસ્ત્રી અને વિપુલભાઈ ભટ્ટ સાથે કુલ ૫૪ ભૂદેવોએ સહાયક તરીકે સેવા આપી હતી.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૧.૧૦, ૭.00

**બાલા**
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦

**સાંઢ કી આંખ** - ૪.૩૦

**સેટલાઈટ શંકર**
૧.૪૦, ૭.૪૦

**બાયપાસ રોડ**
૧૦.૪૫, ૧૦.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**બાલા**
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦

**સેટલાઈટ શંકર**
૩.૧૫, ૧૦.૪૫

**બાયપાસ રોડ**
૧૨.૨૦, ૬.૦૫

**વોર** - ૧૧.૫૫

**હાઉસફૂલ-૪**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫

**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**બાલા**
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫

**સેટલાઈટ શંકર**
૧૨.૪૫, ૫.૦૦

**બાયપાસ રોડ**
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦

**મેડ ઈન ચાઈના** - ૧૧.૦૦

**સાંઢ કી આંખ** - ૩.૩૫

**હાઉસફૂલ-૪**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

## આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત ત્રિદશાબ્દી ભકિત મહોત્સવ અંતર્ગત આજે સવારે ૯ વાગ્યે ચંડીપાઠ આવર્તન, ૯.૩૦ વાગ્યે તુલસી વિવાહ મંડપ મુહુર્ત, ગ્રહશાંતિ, મામેરૂ, ૧૦ વાગ્યે બટુક કુમારીકા પૂજન, ૨.૩૦ વાગ્યે મહાયાગ સ્વાહાકાર, ૪.૩૦ વાગ્યે શાલીગ્રામ ભગવાનનો વરઘોડો, ૫.૪૫ વાગ્યે સાયં પૂજન, ૮ કલાકે જાનનું સામૈયું અને તુલસી વિવાહ યોજાશે.

## ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અન્નકૂટ દર્શન યોજાશે

ગાંધીનગર, તા.૭

ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે તા. ૧૦ નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે ગોવર્ધનપૂજા તથા યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા. ગોસ્વામી વ્રજરાજકુમાર મહોદયના વચનામૃત યોજાશે. ત્યારબાદ બપોરે ૧૨ થી ૧ દરમિયાન અન્નકૂટ દર્શન યોજાશે. સંસ્થાના મંત્રી આર.જે. ગાંધી દ્વારા સર્વે ભાવિકોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. રાવલ ભાસ્કર દિનેશભાઈ, ઉ.વ. ૨૬
● સ્વ. જેસંગભાઈ રાયસંગભાઈ ચૌધરી, ઉ.વ. ૬૩
● સ્વ. બબીબેન ભીખાજી ઠાકોર, ઉ.વ. ૫૦
● સ્વ. ચૌધરી કંકુબેન મોહનભાઈ, ઉ.વ. ૮૫
● સ્વ. પટેલ કકુબેન ગણપતભાઈ, ઉ.વ. ૭૦
● સ્વ. જીજ્ઞેશભાઈ ગાંડાભાઈ દંતાણી, ઉ.વ. ૩૭
● સ્વ. બળદેવભાઈ પુરૂષોત્તમભાઈ પંડયા, ઉ.વ. ૬૧